

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 295
Dt.: 05-07-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહનો દાવો

# ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું

### પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું: આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું: રાહુલ સિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાનો બદલો લેવા માટે ભારતીય આર્મી ફોર્સે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને POKમાં આતંકી ઠેકાણો પર હુમલો કર્યો હતો. હવે ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે દાવો કર્યો છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત એક રીતે ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું. પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું. આ રીતે ભારતીય સેના એક સરહદ પર ત્રણ શત્રુ દેશો સાથે લડી રહી હતી.

ડેપ્યુટી આર્મી ચીફ રાહુલ સિંહે FICCI દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, ચીન યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ રીતે, ચીન પાકિસ્તાનને સંપૂર્ણ મદદ કરી રહ્યું હતું અને તેણે કોઈ કસર ન છોડી.

નવા યુગની મિલિટ્રી ટેકનોલોજી વિષય પર આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા લેફ્ટનન્ટ જનરલે કહ્યું કે, આપણી પાસે સરહદ એક હતી, પરંતુ શત્રુ બે હતા અને વાસ્તવમાં ત્રણ હતા. પાકિસ્તાન સામે હતું અને ચીન પાછળથી તેને તમામ મદદ કરી રહ્યું હતું.

પાકિસ્તાન પાસે જે હથિયારો છે તેમાંથી ૮૧% હથિયાર તો ચીનના જ છે. આ રીતે, ચીને અન્ય હથિયારો સામે પોતાના હથિયારોનું ટેસ્ટિંગ પણ કરી લીધું. આ રીતે ચીન માટે પોતાના હથિયારોના ટેસ્ટિંગના હેતુથી એક લાઈવ લેબ બની ગઈ. આવી જ રીતે તુર્કીયેએ પણ પાકિસ્તાનને પોતાની રીતે સંપૂર્ણ મદદ કરી. જ્યારે DGMO લેવલની ચર્ચા થઈ રહી હતી, ત્યારે પાકિસ્તાનને સંપૂર્ણ અપડેટ્સ ચીન તરફથી મળી રહ્યા હતા.

લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે કહ્યું કે, આપણી પાસે એક મજબૂક એર ડિફેન્સ રહેવી જ જોઈએ જેથી આપણે પાકિસ્તાન અને ચીનના જોખમનો એક સાથે સામનો કરી શકીએ. સંપૂર્ણ ઓપરેશન દરમિયાન હવાઈ સુરક્ષા કેવી રહી તે મહત્ત્વપૂર્ણ છે. આ વખતે આપણા નાગરિકોને વધારે નુકસાન ન થયું, પરંતુ આપણે આપણી એર ડિફેન્સ સિસ્ટમને વધુ મજબૂત કરવી પડશે. તેમણે આ દરમિયાન ભારતીય સેનાની પ્રશંસા કરી અને કહ્યું કે, આપણે પાકિસ્તાનમાં ખૂબ જ સટીકતા સાથે હુમલા કર્યા અને એ જ ઠેકાણાને ટાર્ગેટ કર્યા, જ્યાંથી આતંકવાદીઓને ટ્રેનિંગ મળી રહી હતી. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂરમાંથી આપણે આપણને કેટલીક સીખ પણ મળી છે. નેતૃત્વ તરફથી અમને સ્પષ્ટ સંદેશ હતો. એવું કહેવામાં આવ્યું હતું કે, આપણે જે પીડા સહન કરી છે તેને ભૂલવાની જરૂર નથી. આવું આપણે થોડા વર્ષો પહેલા કરતા હતા. ડેટાના આધાર પર અમે ટાર્ગેટ નક્કી કર્યા અને પછી યોજના બનાવીને હુમલા કર્યા. આ માટે અમે ટેકનોલોજી અને હ્યૂમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કર્યો. અમે કુલ ૨૧ ટાર્ગેટની જાણકારી હાંસલ કરી અને અમે તેમાંથી ૯ ને નિશાન બનાવ્યા. એટલું જ નહીં અમે છેલ્લી ઘડીએ નક્કી કર્યું કે કયા ૯ સ્થળોને ટાર્ગેટ કરવાના છે.



### અમેરિકાએ ચીનને આપી મોટી રાહત

# અમેરિકાએ સોફ્ટવેર નિકાસ પરનો પ્રતિબંધ અંતે હટાવ્યો

### લંડનમાં યોજાયેલી ટ્રેડ વાટાઘાટો હેઠળ બંને દેશો વચ્ચેના તણાવને ઓછો કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચિપ ડિઝાઈન સોફ્ટવેરની નિકાસ પરના પ્રતિબંધો હટાવીને ચીનને રાહત આપી છે. લંડનમાં તાજેતરમાં યોજાયેલી ટ્રેડ વાટાઘાટો હેઠળ બંને દેશો વચ્ચેના તણાવને ઓછો કરવા માટે આ પગલું લેવામાં ભરવામાં આવ્યું છે.

ત્રણેય મુખ્ય ચિપ ડિઝાઈન સોફ્ટવેર કંપનીઓ - સિનોપ્સિસ, કેડેન્સ અને સિમેન્સએ જણાવ્યું હતું કે તેમને યુએસ વાણિજ્ય વિભાગ દ્વારા જાણ કરવામાં આવી છે કે મે મહિનામાં લાદવામાં આવેલા પ્રતિબંધો હટાવવામાં આવશે. ચીનની રાજ્ય સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, આ ત્રણેય કંપનીઓ ચીનના ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) બજારના ૭૦ ટકા ભાગ પર નિયંત્રણ રાખે છે. જ્યારે બેઈજિંગે મે મહિનામાં દુર્લભ ધાતુઓની નિકાસ મર્યાદિત કરવાનો નિર્ણય લીધો, ત્યારે અમેરિકાએ બદલામાં ચિપ ડિઝાઈનિંગ ટૂલ્સના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો. આ પછી, તે મહિનાની શરૂઆતમાં જીનીવામાં વેપાર યુદ્ધવિરામ પછી બંને દેશો વચ્ચે તણાવ ફરી વધ્યો.

અમેરિકન કંપનીઓ કેડેન્સ અને સિનોપ્સિસે કહ્યું છે કે તેઓ ચીનમાં અગાઉ પ્રતિબંધિત સોફ્ટવેરની ઍક્સેસ પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયામાં છે. સિનોપ્સિસે તેના સોફ્ટવેર અને ટેકનોલોજીની સંપૂર્ણ ઍક્સેસ પુનઃસ્થાપિત કરી છે અને ચીનમાં વેચાણ અને સપોર્ટ ફરી શરૂ કર્યો છે. નિષ્ણાતોના મતે, ચિપ-ડિઝાઈનિંગ સોફ્ટવેર અથવા EDA સોફ્ટવેર પર વોશિંગ્ટનના નિકાસ નિયંત્રણોની ચીનના સેમિકન્ડક્ટર ઉદ્યોગ પર વિનાશક અસર પડશે કારણ કે તે નવી માઈક્રોચિપ્સ બનાવવા માટે જરૂરી છે. એક અહેવાલ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ ઈથેન ઉત્પાદકોને ચીનમાં નિકાસ ફરી શરૂ કરવાની પણ મંજૂરી આપી છે. યુએસ એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશનના ડેટાના આધારે, ગયા વર્ષે અમેરિકાની ઈથેન નિકાસનો લગભગ ૫૦% હિસ્સો ચીન ગયો હતો. આનો ઉપયોગ મુખ્યત્વે પ્લાસ્ટિક બનાવવામાં થાય છે. આ ઉપરાંત, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સે અન્ય કંપનીઓ સાથે મળીને GE એરોસ્પેસને ચીનમાં જેટ એન્જિનના શિપમેન્ટ ફરી શરૂ કરવા પણ કહ્યું છે. શુક્રવારે, ચીનના વાણિજ્ય મંત્રાલયે કહ્યું કે ચીન હવે આ પ્રતિબંધિત વસ્તુઓની નિકાસ લાઈસન્સિંગ પ્રક્રિયાની સમીક્ષા કરી રહ્યું છે. પ્રવક્તાએ કહ્યું કે અમને આશા છે કે યુએસ-ચીન આર્થિક અને વેપાર સંબંધોના પરસ્પર ફાયદાઓને ગંભીરતાથી સમજશે અને સાથે મળીને આગળ વધશે.

### ખાદ્યસામગ્રી મેળવવા લાઈનમાં ઊભા રહેલા ૪૫ને ઠાર મરાયાં

# ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં ૯૪ પેલેસ્ટેનિયન નાગરિકોનાં મોત

### બુધવારે રાતથી ગુરુવારે સવાર સુધી ઈઝરાયેલે ગાઝા ઉપર હવાઈ હુમલાઓ પણ કર્યા હતા જેમાં સંખ્યાબંધ લોકોના મોત થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)તેલ અવિવ

ઈઝરાયેલે ગાઝા ઉપર કરેલા હવાઈ હુમલા અને ગોળીબારની ઘટનામાં કુલ ૯૪ પેલેસ્ટેનિયનનાં મોત નિપજ્યા છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ ગાઝા માનવ સંસ્થા સાથે સંકળાયેલા સ્થળો પર ઈઝરાયેલી સૈનિકોએ કરેલા હુમલામાં પાંચ લોકોનાં મોત થયા હતા. જ્યારે ગાઝા પટ્ટીમાં અન્ય સ્થળોએ મદદ માટે કતારમાં ઊભા રહેલાં લોકો પર ગોળીબાર કરાતા ૪૦નાં મોત થયા હોવાની પુષ્ટિ થઈ હતી. બુધવારે રાતથી ગુરુવારે સવાર સુધી ઈઝરાયેલે ગાઝા ઉપર હવાઈ હુમલાઓ પણ કર્યા હતા જેમાં સંખ્યાબંધ લોકોના મોત થયા હતા. ઈઝરાયેલે મુવાસી ઝોનને નિશાન બનાવીન ટેન્ટ પર હુમલો કર્યો હતો જેમાં ૧૫નાં મોત નિપજ્યા હતા. આ વિસ્તારમાં હાલમાં સંખ્યાબંધ પેલેસ્ટેનિયન શરણ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગાઝા શહેરમાં એક શાળા પર કરાયેલા હવાઈ હુમલામાં વધુ ૧૫ વિસ્થાપિતોનાં મોત થયા હતા.






### દિગ્ગજ રોકાણકાર સુશીલ કેડિયા ભડક્યાં

# હું મરાઠી નહીં શીખું, શું કરવું છે બોલ, ભાષા ઉપર વિવાદ

### મુંબઈમાં ચાલતા મરાઠી ભાષાના વિવાદ પર કેડિયોનોમિક્સના સ્થાપક સુશીલ કેડિયા જેવા રોકાણકારો પણ કૂદી પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનો વિવાદ એક મોટો રાજકીય અને સાંસ્કૃતિક વિવાદનું રૂપ લઈ ચૂક્યો છે. હવે આ વિવાદમાં કેડિયોનોમિક્સના સ્થાપક સુશીલ કેડિયા જેવા રોકાણકારો પણ કૂદી પડ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, તેઓ મરાઠી નહીં શીખે. દિગ્ગજ રોકાણકાર સુશીલ કેડિયાએ સોશિયલ મીડિયા પર રાજ ઠાકરેને ટેગ કરીને એક પોસ્ટ કરી છે. જેમાં તેઓએ લખ્યું છે કે, મુંબઈમાં ૩૦ વર્ષ રહ્યા પછી પણ મને મરાઠી બરાબર આવડતી નથી અને તમારા ખરાબ વર્તનને કારણે મેં પ્રતિજ્ઞા લીધી છે કે જ્યાં સુધી તમારા જેવા લોકોને મરાઠી માનુષની સંભાળ રાખવાનો દેખાડો કરવાની મંજૂરી છે ત્યાં સુધી, હું પ્રતિજ્ઞા લઉં છું કે હું મરાઠી નહીં શીખું. શું કરવું છે બોલ?

સુશીલ કેડિયાનું આ નિવેદન એક વાયરલ વીડિયો બાદ આવ્યું છે, જેમાં મીરા રોડ ખાતે એક દુકાનદાર પર કથિત રીતે મરાઠીમાં વાત ન કરવા પર હુમલો કરવામાં આવ્યો હતો. MNS કાર્યકર્તાઓએ આ દુકાનદાર પર હુમલો કર્યો હતો. મુંબઈના મીરા રોડ ખાતે એક દુકાનદાર પર થોડા દિવસ અગાઉ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના કાર્યકર્તાઓએ હુમલો કર્યો હતો, કારણ કે દુકાનદારે કથિત રીતે મરાઠીમાં વાત કરવાનો ઈનકાર કર્યો હતો. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ અને વીડિયો વાયરલ થઈ ગયો હતો. આ ઘટના બાદ દુકાનદાર બાબુલાલ ચૌધરીએ જણાવ્યું હતું કે, તેમને મરાઠી નથી આવડતી, જેના કારણે તેમની દુકાન પર આવેલા કેટલાક લોકોએ તેમને માર માર્યો હતો. તેમણે જણાવ્યું કે, તેમની દુકાનમાં કામ કરતા કામદારો અન્ય રાજ્યોમાંથી આવેલા છે અને તેઓ મરાઠી જાણતા નથી, જેના કારણે કેટલાક લોકોએ તેમના પર હુમલો કર્યો. આ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયો છે, જેના પર લોકો પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.

આ ઘટના પર અનેક તીખી રાજકીય પ્રતિક્રિયાઓ સામે આવી છે. રાજ્યના મંત્રી યોગેશ કદમે કહ્યું, "મહારાષ્ટ્રમાં તમારે મરાઠી બોલવું જ પડે. જો તમને મરાઠી નથી આવડતી, તો તમારો અભિગમ એવો ન હોવો જોઈએ કે તમે મરાઠી નહીં બોલો. જો મહારાષ્ટ્રમાં કોઈ મરાઠીનું અપમાન કરશે, તો અમે અમારા કાયદા લાગુ કરીશું." જોકે, કદમે હિંસાની નિંદા કરતાં કહ્યું કે, તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવવી જોઈતી હતી.

### હાઈકોર્ટે ૨૫ વર્ષ જૂનો આદેશ પલટ્યો

# નવાબી સંપત્તિ મામલે સૈફ અલી ખાનને મોટો ઝટકો

### સમગ્ર કેસની નવેસરથી સુનાવણી કરવામાં આવશે: આ સાથે, ટ્રાયલ કોર્ટને ૧ વર્ષની અંદર ચુકાદો આપવા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ભોપાલ રાજ્યના નવાબ હમીદુલ્લા ખાનની મિલકતના વારસા અંગે ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયને રદ કરી દીધો છે.

ટ્રાયલ કોર્ટે આ નિર્ણય વર્ષ ૨૦૦૦માં આપ્યો હતો. કોર્ટે હવે કહ્યું છે કે, સમગ્ર કેસની નવેસરથી સુનાવણી કરવામાં આવશે. આ સાથે, ટ્રાયલ કોર્ટને ૧ વર્ષની અંદર ચુકાદો આપવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.



આ સમગ્ર કેસમાં, નવાબ હમીદુલ્લાહ ખાનના મોટા ભાઈના વંશજો બેગમ સુરૈયા, કામરાતાજ રાબિયા સુલતાન અને અન્ય વતી અપીલ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં પૂર્વ ક્રિકેટર નવાબ મન્સૂર અલી ખાન પટૌદી, શર્મિલા ટાગોર, સૈફ અલી ખાન, સબા સુલ્તાન, સોહા અલી ખાનને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા.

કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં, બાકીના વારસદારોએ મુસ્લિમ પર્સનલ લૉ અનુસાર મિલકતના વિભાજનની માંગણી ઉઠાવી છે. જેમાં, અરજદાર દ્વારા ટ્રાયલ કોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે, ટ્રાયલ કોર્ટે ખોટી રીતે ધારી લીધું છે કે નવાબની અંગત મિલકતો ગાદીનો ભાગ છે. આમ, તે આપમેળે ગાદીના વારસદારને ટ્રાન્સફર થઈ જશે. મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં સૈફ અલી ખાનની મિલકતો છે. તેના સંદર્ભમાં કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. અરજદારની દલીલના જવાબમાં કોર્ટે કહ્યું કે, મિલકતોનો ઉત્તરાધિકાર સાથે કોઈ સંબંધ નથી.

મિલકતોનું વિભાજન વારસાના કાયદા અનુસાર કરવામાં આવશે. આ જ કારણ છે કે મધ્યપ્રદેશ હાઈકોર્ટે ભોપાલ ટ્રાયલ કોર્ટના ૨૫ વર્ષ જૂના નિર્ણયને રદ કર્યો છે. આ સાથે, તેણે આદેશ આપ્યો કે સમગ્ર કેસની નવેસરથી સુનાવણી કરવામાં આવે અને આગામી એક વર્ષમાં ચુકાદો આપવામાં આવે.

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે આ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને રદ કરવાનો આધાર બનાવ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે સુનાવણી દરમિયાન ટ્રાયલ કોર્ટે અન્ય પાસાઓ પર વિચાર કર્યો ન હતો. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે આ કેસ મિલકતના વિભાજન સાથે સંબંધિત છે. તેથી, સીપીસીના ઓર્ડર ૧૪ નિયમ ૨ ૩છ અનુસાર, આ કેસોને નવા નિર્ણય માટે ટ્રાયલ કોર્ટમાં પાછા મોકલવામાં આવે છે.

## તંત્રી લેખ......

### કોંગ્રેસ નેતૃત્વ માટે કર્ણાટકનો મામલો કસોટીરૂપ બની રહ્યો છે

કોંગ્રેસ નેતૃત્વ માટે કર્ણાટકનો મામલો કસોટીરૂપ બની રહ્યો છે. મુખ્યમંત્રી પદ માટેની ખેંચતાણ વચ્ચે પક્ષના મોવડીમંડળે સમાધાનના પ્રયાસો કર્યા. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારને એક તસવીરમાં સાથે ઉભાડીને દાવો કરવામાં આવ્યો કે, બંને વચ્ચે કોઇ વિવાદ નથી, પરંતુ રાજ્યની જનતાથી લઇને રાજકીય આલમને સરકાર હાલકડોલક હોવાનો અંદાજ આવી ગયો છે. પ્રશ્ન એ પણ છે કે, કોંગ્રેસ કર્ણાટકમાં બધું બરોબર હોવાનો ઢોલ પીટે છે, તો પક્ષના મહામંત્રી અને કર્ણાટકના પ્રભારી રણદીપ સૂરજેવાલાને ધારાસભ્યો, વિધાન પરિષદના સભ્યો સાથે વાતચીત માટે રાતોરાત દોડાવ્યા શા માટે ? ગત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે સપાટો બોલાવ્યો એ પછી કરિશ્માઇ નેતા ડી.કે. શિવકુમારને મુખ્યમંત્રીની ખુરશી પર બેસાડાશે એવી સંભાવના જોવાતી હતી, પરંતુ હાઇકમાન્ડે જાતિગત સમીકરણોને લઇને સિદ્ધારમૈયા પર પસંદગીનો કળશ ઢોળ્યો. ડી.કે.એ હસતા ચહેરે કડવો ઘૂંટ ગળી લીધો, પણ મુખ્યમંત્રીપદે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલા આવશે એવી સંભાવના લગાતાર ચર્ચાતી રહી છે. એ દરમ્યાન કોંગ્રેસ હાઇકમાન્ડે સિદ્ધારમૈયા પર વિશ્વાસ જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. સૂરજેવાલાએ બેંગ્લોરમાં જ પત્રકાર પરિષદમાં સ્પષ્ટ એલાન કર્યું કે, સિદ્ધારમૈયા મુખ્યમંત્રીપદે યથાવત્ રહેશે. અહીં એ નોંધનીય છે કે, રાજસ્થાનમાં અશોક ગેહલોત મુખ્યમંત્રી હતા, ત્યારે સચિન પાયલટનું જૂથ તેમના નેતાને સી.એમ. બનાવવા માટે દાવપેચ રચતું રહ્યું હતું. પાયલટ અને ગેહલોતનો ઝઘડો જગજાહેર થઇ ચૂક્યો હતો, છતાં પક્ષનું હાઇકમાન્ડ ગેહલોતની પડખે રહ્યું હતું અને સચિન પાયલટનો દાવ વિફળ ગયો હતો. અલબત્ત સત્તાની સાઠમારી હંમેશાં પક્ષ માટે અને પ્રદેશ માટે નુકસાનકારક બને છે. એ પછીની ચૂંટણીમાં ભાજપે સપાટો બોલાવ્યો અને રાજસ્થાન કોંગ્રેસે ગુમાવવું પડયું. ભાજપ અશાંત રાજ્યોમાં પગપેસારો કરવા માટે જાણીતો છે. કર્ણાટકમાં ગત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૨૨૪ બેઠક પૈકી ૧૩૫ બેઠક કબજે કરીને સપાટો બોલાવ્યો હતો. ૧૯૮૯ પછીનો આ શ્રેષ્ઠ દેખાવ હતો. ભાજપને ૬૬ અને જેડીએસને ફાળે ૧૯ બેઠક આવી હતી. ૨૦૧૮ની ચૂંટણીમાં મળેલી ૮૦ બેઠકની તુલનાએ કોંગ્રેસે ૫૫ બેઠક વધુ મેળવી હતી. આવાં શાનદાર પ્રદર્શન પછી રાજ્યની જનતા વિકાસની અપેક્ષા રાખે, ભ્રષ્ટાચારમુક્ત અને પારદર્શક વહીવટની ખેવના રહે. અત્યારે આંતરવિગ્રહમાં રાજ્યનું કામકાજ ઠપ થઇ ગયું છે. રાજ્યની તિજોરી પણ ખાલી થવા માંડી છે. કોંગ્રેસ મોવડીમંડળ માટે કર્ણાટકમાં ગુંચવાયેલી સ્થિતિ ઉકેલવાનો પડકાર છે. હાલઘડીએ મોવડીમંડળે બધું દબાવી દીધાનું જણાય છે, પણ ડી.કે. શિવકુમાર ગ્રુપ લાંબો સમય શાંત બેસી નહીં રહે. રાજ્યના કેટલાક મંત્રીઓ તરફથી સંકેત અપાઇ રહ્યા છે કે, બે-ત્રણ મહિનામાં કર્ણાટકમાં કંઇક મોટું થશે. રાજ્યનું નેતૃત્વ બદલાઇ શકે છે... આગામી દિવસોમાં રાજ્યનું રાજકારણ ઉકળતું રહેશે એમ જણાય છે.

---

### ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી લગભગ ૧૨ લાખ એટલે કે ૩૨% મહિલા સભ્યો

# ગુજરાતનું સહકારી મૉડલ બન્યું મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ, મહિલા દૂધ મંડળીઓમાં ૨૧%નો વધારો, આવક રૂા.૯૦૦૦ કરોડને પાર

### ૨૦૨૫માં વિવિધ મિલ્ક યુનિયન બોર્ડમાં ૮૨ ડિરેક્ટર્સ તરીકે ૨૫% મહિલા સભ્યોઃ મહિલા સંચાલિત દૂધ મંડળીઓનો દૂધ સંગ્રહ ૩૯% વધીને ૫૭ લાખ લિટર પ્રતિ દિવસ સુધી પહોંચ્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા એ વાત પર ભાર મૂક્યો છે કે, મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે આત્મનિર્ભર બનાવીને જ ભારતને સંપૂર્ણ આત્મનિર્ભર બનાવી શકાય છે. ગ્રામીણ અર્થતંત્રમાં મહિલા નેતૃત્વને સશક્ત બનાવવા માટે તેમણે સહકારી મૉડલને પ્રાથમિકતા આપી છે. આ વિઝનને સુદ્રઢ બનાવતાં કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે સહકારી ક્ષેત્રના માધ્યમથી ખરા અર્થમાં મહિલા સશક્તિકરણ કર્યું છે.





આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે ગુજરાત સરકારે જાહેર કરેલા આંકડા અનુસાર, છેલ્લાં ૫ વર્ષમાં (૨૦૨૦થી ૨૦૨૫ સુધી) મહિલાઓની આગેવાની હેઠળની દૂધ સહકારી મંડળીઓ ૨૧% વધીને ૩,૭૬૪થી ૪,૫૬૨ થઈ ગઈ છે. આ દર્શાવે છે કે રાજ્યમાં સહકારી સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે.

મિલ્ક યુનિયનમાં ૨૫% મહિલા બોર્ડ સભ્યો અને લગભગ ૧૨ લાખ ઉત્પાદક મહિલા સભ્યો

ગુજરાતના સહકારી વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, મિલ્ક યુનિયનમાં પણ મહિલાઓની આગેવાનીમાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૫માં મિલ્ક યુનિયનના બોર્ડમાં ૮૨ ડિરેક્ટર્સ તરીકે ૨૫% મહિલા સભ્યો છે, જે મિલ્ક યુનિયનની નીતિ ઘડવામાં તેમની સક્રિય ભાગીદારી દર્શાવે છે. ગુજરાતની દૂધ સહકારી મંડળીઓમાં પણ મહિલા સભ્યોની સંખ્યા સતત વધી રહી છે. ગુજરાતમાં લગભગ ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી લગભગ ૧૨ લાખ એટલે કે ૩૨% દૂધ ઉત્પાદક સભ્યો મહિલાઓ છે.

એટલું જ નહીં, આ જ સમયગાળા દરમ્યાન ગ્રામીણ સ્તરની સહકારી મંડળીઓની મૅનેજમેન્ટ સમિતિઓમાં પણ મહિલાઓની ભાગીદારી ૧૪% વધી છે. આ મૅનેજમેન્ટ સમિતિઓમાં મહિલાઓની સંખ્યા ૭૦,૨૦૦થી વધીને ૮૦,૦૦૦ થઈ ગઈ છે. આ મહિલાઓ હવે ગ્રામીણ સ્તરની સહકારી મંડળીઓમાં નીતિ નિર્માણ, સંચાલન અને દેખરેખ જેવી મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી રહી છે.

મહિલા સંચાલિત દૂધ મંડળીઓનો દૂધ સંગ્રહ ૩૯% વધીને ૫૭ લાખ **LPD** સુધી પહોંચ્યો

આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે ગુજરાત કોઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ **(GCMMF)** દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર, ગુજરાતમાં મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીઓ દ્વારા મિલ્ક પ્રોક્યોરમેન્ટ (ખરીદી) ૨૦૨૦માં ૪૧ લાખ લિટર પ્રતિ દિવસ **(LPD)**થી ૩૯% વધીને ૨૦૨૫માં ૫૭ લાખ લિટર પ્રતિ દિવસ થઈ ગયું છે, જે હાલમાં રાજ્યના કુલ મિલ્ક પ્રોક્યોરમેન્ટના લગભગ ૨૬% છે.

મહિલા દૂધ મંડળીઓની વાર્ષિક આવકમાં ૪૩%નો નોંધપાત્ર વધારો, આવક રૂા.૯,૦૦૦ કરોડને પાર

ગુજરાતમાં મહિલા સંચાલિત દૂધ મંડળીઓ આજે સામાજિક પરિવર્તનનું પ્રતીક બની છે, સાથે આર્થિક રીતે પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. વર્ષ ૨૦૨૦માં આ મંડળીઓની અંદાજિત દૈનિક આવક રૂા.૧૭ કરોડ અને એ મુજબ વાર્ષિક આવક રૂા.૬,૩૧૦ કરોડ હતી. છેલ્લા પાંચ વર્ષમાં આ આંકડો વધીને ૨૦૨૫માં રૂા.૨૫ કરોડ પ્રતિ દિવસ થયો છે, જેના કારણે વાર્ષિક અંદાજિત આવક રૂા.૯,૦૦૦ કરોડને પાર થઈ ગઈ છે. એટલે કે, આ સમયગાળા દરમ્યાન મહિલા સંચાલિત મંડળીઓની આવકમાં રૂા.૨,૭૦૦ કરોડનો વધારો થયો છે, જે ૪૩%ની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. આ સફળતા મહિલા સશક્તિકરણના સહકારી મૉડલની મજબૂતીનો પુરાવો છે.

---

### આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫'ની ઉજવણી

# રાજ્યની તમામ APMCને ટેકનોલોજી થકી વધુ સશક્ત-કાર્યક્ષમ બનાવવા માટે ઝોનવાઇઝ સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન

### APMCમાં ૧૦૦ ટકા ડિજિટલાઈજેશન માટે eNAM અને AGMARKનું મહત્વ સમજાવાયું

ભારતમાં સહકારી ક્રાંતિના જન્મ સ્થળની ઓળખ ધરાવતા ગુજરાતમાં કુલ ૨૨૪ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ-**APMC** કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે ઉત્તર ઝોનના ૬ જિલ્લા, મધ્ય ઝોનના ૧૦, દક્ષિણ ઝોનના ૫ તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનના ૧૨ જિલ્લામાં **eNAM** અને **AGMARK** જેવા વિષયો પર સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં કુલ ૧૪૪ જેટલા માર્કેટિંગ કમિટીના સચિવો સહિત સહકારી ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ગત તા. ૧૯ જૂન, ૨૦૨૪ના રોજ વર્ષ ૨૦૨૫ને 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને દેશના પ્રથમ સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની પ્રેરણાથી આ વર્ષે દેશભરમાં "કો-ઓપરેટિવ્ઝ બિલ્ડ અ બેટર વર્લ્ડ"ની થીમ સાથે 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ **APMC**ને ટેકનોલોજી થકી વધુ સશક્ત અને કાર્યક્ષમ બનાવવા માટે ઝોનવાઇઝ સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના લાખો ખેડૂતો, પશુપાલકો, માછીમારો, સહકારી મંડળીઓ તેમજ સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક મહત્વપૂર્ણ યોજનાઓનું અમલીકરણ થઈ રહ્યું છે. રાજ્યની તમામ **APMC**માં ૧૦૦ ટકા ડિજિટલાઈજેશન માટે રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ઝોનવાઇઝ **APMC** અમદાવાદ, ઊંઝા, રાજકોટ અને સુરત ખાતે સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમમાં 'નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ'-**eNAM**ના અમલની સમીક્ષા, બજાર ભાવ પારદર્શિતા માટે 'એગ્રીકલ્ચર માર્કેટિંગ'-**AGMARK** ડેટા એન્ટ્રીનું મહત્વ, કૃષિ વેપારમાં ડિજિટલ વ્યવહાર માટે પ્રોત્સાહન, **e-APMC** પોર્ટલના વિકાસ વિશે ચર્ચા, **Gate Entry, e-Trade** અને **e-Payment,** ખેડૂત અને માર્કેટ ભાગીદારો માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન જેવા વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

- જીગર બારોટ

---

### બર્થ ડેના નામ પર ટાઈમ પાસ કરવો મોંઘો પડશે

# ઓફિસમાં કેક કાપી તો કાર્યવાહી થશે, સરકારે આપી કડક સૂચના

### મહારાષ્ટ્ર સરકારે એક નવું સર્ક્યુલર જાહેર કર્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્ર સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે સરકારી ઓફિસ હવે કોઈ પણ પ્રકારના પર્સનલ ફંક્શન માટે નહીં હોય.

મતલબ સ્પષ્ટ છે કે, હવે સરકારી કર્મચારી પોતાના ઓફિસ ટાઈમમાં કેક કાપી શકશે નહીં. મીણબત્તી પ્રગટાવી શકશે નહીં, અને કોઈ નાનામોટા સેલિબ્રેશન પણ કરી શકશે નહીં. સરકારે મહારાષ્ટ્ર સિવિલ સેવા આચરણ નિયમ ૧૯૭૯ અંતર્ગત આ નિર્ણય લીધો છે. જો કોઈ કર્મચારી આ નિયમ તોડશે, તો સર્ક્યુલરમાં જાણકારી આપી છે, તેમ જો આવું કરશે તો સીધી ચેતવણી વિના કાર્યવાહીનો સામનો કરવો પડશે. હંમેશા જોવા મળ્યું છે કે કેટલીય સરકારી ઓફિસો પાસે ઢગલાબંધ ફાઈલોના કામ પેન્ડિંગ રહે છે. પણ તેમ છતાં અમુક લોકો ઓફિસ ટાઈમમાં પોતાનો જન્મદિવસ અથવા સેલિબ્રેશન મનાવતા હોય છે. આ કારણે બાકી કામ પ્રભાવિત થાય છે. સરકારે જ્યારે આ જોયું કે ઓફિસમાં પર્સનલ સેલિબ્રેશન વધી રહ્યા છે, તો તરત તમામ સરકારી વિભાગોને એક સર્ક્યુલર મોકલી દીધો. તેમાં લખ્યું છે કે, કોઈ પણ અધિકારી કે કર્મચારી જો ઓફિસ ટાઈમમાં આવું કરશે તો તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.આજકાલ સોશિયલ મીડિયાનો જમાનો છે. લોકો દરેક વસ્તુને કેમેરામાં કેદ કરવા માગે છે અને ઈન્સ્ટાગ્રામ અથવા ફેસબુક પર શેર કરવા માગે છે. કેટલાય સરકારી કર્મચારી એવા પણ છે, કેક કાપે છે, વીડિયો બનાવે છે, પછી બધું પોસ્ટ કરી દે છે, પણ હવે આ બધો દેખાડો સરકારી નોકરી માટે ખતરો બની શકે છે. સરકારનું કહેવું છે કે, આવા સેલિબ્રેશન ઓફિસની ગંભીરતા અને કામના માહોલને નુકસાન પહોંચાડે છે. સાથે જ તેનાથી એવું લાગે છે કે કર્મચારીઓ પોતાના કામને લઈને જવાબદાર નથી. એટલા માટે આવા કિસ્સામાં જરા પણ ઢીલ આપી શકાય નહીં.

---

## આસ્થા પુનિયા બન્યા ભારતીય નૌસેનાના મહિલા ફાઈટર પાયલટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સબ-લેફ્ટનન્ટ આસ્થા પુનિયા પ્રથમ મહિલા ફાઈટર પાયલટ બનતા ભારતીય નૌસેનામાં એક નવો ઈતિહાસ રચાયો છે. અત્યાર સુધી મહિલા પાયલટ નૌસેનાના જાસૂસી વિમાન અને હેલિકોપ્ટર ઉડાવતા હતા, પરંતુ આસ્થા હવે ફાઈટર જેટ ઉડાવશે, જે દેશની સુરક્ષામાં તેમની ભૂમિકાને વધુ મહત્ત્વપૂર્ણ બનાવશે. ભારતીય નૌસેના **X** પર એક પોસ્ટ શેર કરી છે. તેમાં આસ્થા પુનિયાનો ફોટો પણ છે. નૌસેનાએ પોસ્ટમાં લખ્યું છે કે, નૌસેના ઉડ્ડયનમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌસેનાએ ૦૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારતીય નૌસેના હવાઈ મથક ખાતે બીજા બેઝિક હોક કન્વર્ઝન કોર્સ પૂર્ણ કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન સ્થાપિત કર્યું. લેફ્ટનન્ટ અતુલ કુમાર ધુલ અને **SLT** આસ્થા પુનિયાને રીઅર એડમિરલ જનક બેવલી, **ACNS** (એર) તરફથી પ્રતિષ્ઠિત વિંગ્સ ઓફ ગોલ્ડ એવોર્ડ એનાયત કરાયો છે. નૌસેનાએ **X** પોસ્ટ દ્વારા માહિતી આપી હતી કે આસ્થા પુનિયા નૌસેના ઉડ્ડયનના ફાઈટર સ્ટ્રીમમાં જોડાનાર પ્રથમ મહિલા પાઈલટ બન્યા છે. આસ્થા પુનિયા કયું ફાઈટર એરક્રાફ્ટ ઉડાવશે તે અંગે હાલ કોઈ સત્તાવાર માહિતી અપાઈ નથી. જો કે, ભારતીય નૌસેના અમુક ખાસ પ્રકારના ફાઈટર એરક્રાફ્ટ છે, જે **INS** વિક્રમાદિત્ય અને **INS** વિક્રાંત પરથી ઉડાન ભરી શકે છે. નૌસેનાનું મિગ-૨૯ ફાઈટર એરક્રાફ્ટ છે. જેને વિશેષ રીતે ડિઝાઈન કરાયું છે.

---

### વિપક્ષે માગ્યું રાજીનામું

## બિહારમાં ભાજપના મંત્રી નકલી દવાના કેસમાં દોષિત ઠર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારની નીતિશ સરકારમાં ભાજપના મંત્રી જીવેશ કુમાર નકલી દવા કેસમાં દોષિત જાહેર થયા હતા. હવે વિપક્ષે તેમની સામે મોરચો માડ્યો છે. કોંગ્રેસે મંત્રી જીવેશ કુમારના રાજીનામાની માંગ કરી છે. રાજસ્થાનની રાજસમંદ કોર્ટે ગયા મહિને તેમને ૧૫ વર્ષ જૂના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. જો કે, બાદમાં તેમને ૭૦૦૦ રૂપિયા દંડ ભરવા અને સારું વર્તન જાળવવાની શરતે મુક્ત કરાયા હતા.

અહેવાલો અનુસાર, બિહારના શહેરી વિકાસ મંત્રી જીવેશ કુમારના રાજીનામાની માંગ કરતા, કોંગ્રેસ મીડિયા સેલના અધ્યક્ષ રાજેશ રાઠોડે કહ્યું કે, ભાજપે જીવેશ કુમારને તાત્કાલિક પાર્ટીમાંથી હાંકી કાઢવા જોઈએ. તેમના નકલી દવા નેટવર્કની તપાસ થવી જોઈએ. પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવે પણ મુખ્યમંત્રી નીતિશ કુમારને જીવેશ મિશ્રાને બરતરફ કરવાની માંગ કરી છે. રાષ્ટ્રીય જનતા દળ **(RJD)**ના વડા લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્યએ પણ નીતિશ સરકાર પર સવાલ ઉઠાવ્યા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **X** પર પોસ્ટ કરીને લખ્યું, આ એક લાચાર અને અચેત મુખ્યમંત્રીની સરકાર છે. એક નકલી દવાનો વેપારી પણ હજુ પણ મંત્રીની ખુરશી પર છે. નીતિશ કુમારને ખુરશી સાથે વળગી રહેવાની આદત છે, તેથી તે કંઈ કહેવાની હિંમત પણ કરી શકતા નથી, એક સાબિત થયેલા દોષિત મંત્રીને કેબિનેટમાંથી દૂર કરવાની તો વાત જ નહીં.

અહેવાલો અનુસાર, સપ્ટેમ્બર ૨૦૧૦માં રાજસ્થાનના દેવગઢ (રાજસમંદ) સ્થિત કંસારા ડ્રગ્સ ડિસ્ટ્રિબ્યુટર્સ કંપનીમાં નિરીક્ષણ દરમિયાન દવાઓના નમૂના લેવામાં આવ્યા હતા. તેમને તપાસ માટે લેબમાં મોકલવામાં આવી ત્યારે સિપ્રોલિન-૫૦૦ ટેબલેટ ભેળસેળયુક્ત અને હલકી ગુણવત્તાની હોવાનું જાણવા મળ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે આ દવાઓ અલ્ટો હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની અને બે અન્ય કંપનીઓ દ્વારા કંસારા ડ્રગ્સ ડિસ્ટ્રિબ્યુટર્સને સપ્લાય કરવામાં આવી હતી. જીવેશ કુમાર આ કંપનીના ડિરેક્ટર છે.

---

# મહેસાણા ચુંટણીતંત્રની ઘોર બેદરકારી : ૧૯ વર્ષની યુવતિને સરપંચ તરીકે ઉમેદવાર બનાવી : સરપંચ તરીકે યુવતિ જીતી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચુંટણી દરમિયાન રાજય ચુંટણી આયોગની ઘોરબેદરકારી બહાર આવી છે. મહેસાણા જિલ્લાના ગીલોસણ ગામમાં વયમર્યાદા નહી ધરાવતી યુવતિ ચુંટણી લડીને સરપંચ બની ગઈ છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રીના હસ્તે યુવા સરપંચોના સન્માન સમારોહની યાદી તૈયાર કરતી વખતે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ મંગાવતા સમગ્ર ભાંડો ફુટયો હતો. પ્રાંત અધિકારીએ તાલુકા વિકાસ અધિકારીને તપાસ કરી રીપોર્ટ બનાવી રાજયચુંટણી આયોગને મોકલવા સુચના આપી છે. સામાન્ય રીતે સરપંચ બનવા માટે ૨૧ વર્ષની વયમર્યાદા નકકી કરવામાં આવી છે. કોઈપણ વ્યકિતએ સરપંચની ચુંટણી લડવા



માટે ૨૧ વર્ષની ઉંમર હોવી જરૂરી છે. પરંતુ મહેસાણા જિલ્લાના તાલુકાના ગીલોસણ ગામમાં ૧૯ વર્ષ અને ૮ મહિનાની વય ધરાવતી અફરોજબાનુ અબ્બાસમીયા સીપાઈ નામની યુવતિ ચુંટણી લડીને સરપંચ બની ગઈ છે. યુવતિના આધારકાર્ડમાં ૮ ડીસેમ્બર ૨૦૦૪ ની જન્મતારીખ લખાયેલી છે પરંતુ તેના લીવીંગ સર્ટીફીકેટમાં ૭ જાન્યુઆરી ૨૦૦૫ ની જન્મતારીખ છે. લીવીંગ સર્ટીફીકેટ મુજબ યુવતિના ૨૧ વર્ષ પુરા થતા નથી, જિલ્લા પંચાયતે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ મંગાવતા માહિતી બહાર આવી હતી. હવે તંત્ર એ ઓછી વય મર્યાદા ધરાવતી સરપંચનુ રાજીનામુ લેવા કવાયત હાથ ધરી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના હસ્તે યુવા સરપંચોના સન્માન સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ હતું તે માટે જિલ્લા પંચાયતોને યુવા સરપંચોની યાદી તૈયાર કરવા સુચના આપવામાં આવી હતી. જિલ્લા પંચાયતે યાદી તૈયાર કરવા માટે અફરોજબાનુનુ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ મંગાવતા ભાંડો ફુટયો હતો. આ બાબતે યુવતિને પુછતા તેણે રાજીનામુ આપવાનો ઈન્કાર કર્યો છે. તેણીએ કહ્યુ કે સરપંચની ચુંટણી માટેના ફોર્મમાં કયાંય જન્મ તારીખ લખવાની હોતી નથી, તેમાં ફકત ઉંમરનો ઉલ્લેખ કરવાનો હતો, તેથી મેં મારી ઉંમરનો ઉલ્લેખ કર્યો છે.

---

# બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસમાં ભુકંપ : ગેનીબેનની નારાજગીને લઈ પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજીનામુ આપવા નિકળ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત કોંગ્રેસમાં એક સાંધે તેર તુટે તેવો ઘાટ સર્જાયો છે. માંડ માંડ એક વિવાદ થાળે પડે ત્યાં બીજો વિવાદ ઉભો થતો હોય છે. ત્યારે એક તરફ કોંગ્રેસના નવા સુકાનીને શોધવાની મથામણ ચાલી રહી છે તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસના નેતાની નારાજગી બહાર આવી છે. બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ વાઘેલાની નારાજગી બહાર આવી છે.




ભરતસિંહ વાઘેલાએ સાંસદ ગેનીબેન ઠાકોર સામે નારાજગી વ્યકત કરી છે. જિલ્લા પ્રમુખ તરીકે ફરીથી ભરતસિંહ વાઘેલાનુ નામ નકકી હોવા છતાં ગેનીબેન ઠાકોરે ભરતસિંહ વાઘેલાનુ પત્તુ કપાવી દેવાના આક્ષેપ સાથે નારાજગી વ્યકત કરી છે. ભરતસિંહ વાઘેલાનુ નામ કાપી ગુલાબસિંહ રાજપુતને કોંગ્રેસે બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ બનાવ્યાનો આક્ષેપ તેઓએ પાર્ટી સામે કર્યો છે. તેમણે કહ્યુ કે મને ગુલાબસિંહ રાજપુત સામે કોઈ વાંધો નથી, મારો વિરોધ ગેનીબેન ઠાકોર સામે છે, ગેનીબેન ઠાકોર જિલ્લો તો સંભાળી શકતા નથી અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ થવા નિકળ્યા છે, મે પક્ષમાં મારી વાત મુકી છે તે બાદ જ યોગ્ય નિર્ણય લઈશ, ભરતસિંહ વાઘેલા ૧૮ વરસની વયથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. જિલ્લા થી લઈને પ્રદેશ કોંગ્રેસ સુધી નેતૃત્વ કરી ચુકયા છે. આવામાં બનાસકાંઠામાં ભરતસિંહના જવાથી મોટો ઝટકો પડી શકે છે. ભરતસિંહ વાઘેલા નારાજગીને પગલે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી શકે છે. તેમણે કહ્યુ કે પાર્ટી કદર નથી કરતી એટલે રહેવામાં મજા નથી, કોંગ્રેસ કાર્યકરોનુ મોરલ ડાઉન કરી રહી છે. એટલે હવે અહીં રહેવામાં મજા નથી. ભરતસિંહ ભાજપમાં જોડાઈ શકે તેવી અટકળો પણ વેગવંતી બની છે. તેઓએ જાહેરમાં ગેનીબેન સાથે નારાજગી વ્યકત કરી છે. અગાઉ પણ તેઓ આ વાત કરી ચુકયા છે જો ભરતસિંહ વાઘેલા ભાજપમાં જોડાય તો કોંગ્રેસની વોટ બેંકને મોટી અસર પડી શકે છે.

---

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૪૪ની નરમાઈ: સોનાના વાયદામાં રૂ.૧૬૬ અને ચાંદીના વાયદામાં રૂ.૨૩નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૪૩૯.૧૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૨૫૫૫.૪૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૬૬૦૫.૬૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૬૨૭ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૧૯૯૫.૦૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૪૩૯.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૨૫૫૫.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૬૨૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૫૭.૨૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૬૬૦૫.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૬૭૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૧૩૧ અને નીચામાં રૂ.૯૬૭૩૫ના સ્તરને સ્પર્શી, રૂ.૯૬૭૮૨ના આગલા બંધ સામે રૂ.૧૬૬ વધી રૂ.૯૬૯૪૮ થયો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૪ વધી રૂ.૭૮૦૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૯૮૦૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૭ વધી રૂ.૯૬૭૨૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૧૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૩૨૪ અને નીચામાં રૂ.૯૭૦૩૨ના મથાળે અથડાઈ, રૂ.૯૭૦૪૦ના આગલા બંધ સામે રૂ.૯૧ વધી રૂ.૯૭૧૩૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧૦૭૨૮૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૭૬૮૧ અને નીચામાં રૂ.૧૦૭૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૭૨૮૫ના આગલા બંધ સામે રૂ.૨૩ વધી રૂ.૧૦૭૩૦૮ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬૫ વધી રૂ.૧૦૮૧૪૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૬૫ વધી રૂ.૧૦૮૧૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૨૫૪.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જુલાઈ વાયદો બેરલદીઠ રૂ.૫૭૧૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૩૫ અને નીચામાં રૂ.૫૬૫૩ના મથાળે અથડાઈ, રૂ.૫૭૨૪ના આગલા બંધ સામે રૂ.૪૪ ઘટી રૂ.૫૬૮૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૪૨ ઘટી રૂ.૫૬૮૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો એમએમબીટીયુદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૨૯૨.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૨૦ પૈસા વધી રૂ.૨૯૨.૮ના ભાવે બોલાયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૯૧૯.૯ના ભાવે ખૂલી, રૂ.૧.૬ ઘટી રૂ.૯૧૯ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪૩૫૦.૯૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૨૫૪.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૮૩.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૮૭૦.૯૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧.૪૯ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૦૬૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૬૩૬૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૬૨૭૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૧૭૭૮૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૦૦૧૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૨૪૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૪૬૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૪૧૭૬ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૧૬૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦૯૯૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૬૦૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૬૨૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૫૮૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૬ પોઈન્ટ વધી ૨૨૬૨૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨.૮ ઘટી રૂ.૧૪૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૦ પૈસા ઘટી રૂ.૧૬.૯૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૮૯૦ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૫ ઘટી રૂ.૧૮૯૯ થયો હતો. તાંબું જુલાઈ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૧૩ ઘટી રૂ.૮.૮૧ના ભાવે બોલાયો હતો. જસત જુલાઈ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૭ પૈસા ઘટી રૂ.૫.૩૬ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જુલાઈ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૭૫ ઘટી રૂ.૧૫૧.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૧૨.૯ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫ વધી રૂ.૧૨૭૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જુલાઈ રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯ ઘટી રૂ.૨૬૧૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧.૧ વધી રૂ.૧૬૭.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૧૪.૪ના ભાવે બોલાયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦.૫ ઘટી રૂ.૯૨૯ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૦.૫ ઘટી રૂ.૧૬૦૦ થયો હતો. તાંબું જુલાઈ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૩૬ વધી રૂ.૧૨.૬ થયો હતો. જસત જુલાઈ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૩ પૈસા ઘટી રૂ.૫.૬૧ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જુલાઈ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૫૫ વધી રૂ.૧૬૮.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૧૪.૪ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭.૫ ઘટી રૂ.૧૩૭૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જુલાઈ રૂ.૧૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૭ ઘટી રૂ.૧૧૮૦ થયો હતો.

# મહેસાણા જિલ્લામાં યોજાયો સરપંચ અભિવાદન સમારોહ કાર્યક્રમ: સરકારની વિવિધ યોજનાઓ વિશે આપવામાં આવી જાણકારી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મહેસાણા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા તાજેતરમાં યોજાયેલ ગ્રામ પંચાયતની ચુંટણીઓમાં વિજય થયેલા સરપંચોના અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ ગીરીશ રાજગોરે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરી વિજય બનેલ તમામ સરપંચોને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર જિલ્લામાં વિજય બનેલ સરપંચોનુ મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું.



તાજેતરમાં કડી વિધાનસભાની ચુંટણીમાં જંગી બહુમતીથી વિજેતા બનેલા રાજેન્દ્ર ચાવડાનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષીકેશ પટેલે સરપંચ બનેલ તમામ ને અભિનંદન પાઠવી બધા પ્રત્યે સમતાભાવ રાખી શાસન કરવા વિનંતી કરી હતી. ઋષીકેશ પટેલે સરપંચોને ૫ વરસની ગ્રાન્ટનો તબકકાવાર ઉપયોગ કરવાનુ આયોજન કરવા તેમજ સરકારની યોજનાઓ પછી આયુષ્યમાન કાર્ડ હોય કે પછી વિધવા બહેનોને મળતી યોજનાના લાભ મળે તે જોવા ઉપરાંત એવા કાર્યો કરવા કે જેમાં ભલુ થજો ના ભાવ સાથે આહવાન કરવા કહ્યુ હતું. ગામના રોડ રસ્તા, વિજળી, પાણી, તો થશે જ આ ઉપરાંત આખા ગામનો સુખ દુ:ખનો વિચાર આવે એ સરપંચ માટે મહત્વનુ છે. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષીકેશ પટેલ, મહામંત્રી ગુજરાત પ્રદેશ ભાજપ રજનીભાઈ પટેલ, મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ ગીરીશ રાજગોર, જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, બેચરાજી ધારાસભ્ય સુખાજી ઠાકોર, મહેસાણા જિલ્લા પ્રભારી વર્ષાબેન દોશી, મહેસાણા ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, ખેરાલુ ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, કડી ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા ઉપરાંત જિલ્લામાંથી ચુંટાયેલા સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રીનો તમામ પાલિકાઓને રેસ્કયુના ચાર્જ વસુલવા ઠરાવોને રદ કરવા આદેશ

# ગુજરાત ફાયર સહિત એજન્સીઓ લોકોને રેસ્કયુ કર્યા નો ચાર્જ માગી શકશે નહી : ફાયર કર્મચારીએ મૃતદેહ કાઢવા માટે રૂપીયા માંગતા વિવાદ સર્જાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર નજીક મહાનગરપાલિકા કે પાલિકાની હદ બહાર કોઈ અઘટીત બનાવ બને ત્યારે ફાયર વિભાગની મદદ લેવામાં આવતી હોય છે. ફાયર વિભાગે લોકોને બચાવ્યા હોય કે મૃતદેહને બહાર કાઢયો હોય તો ફાયર વિભાગને તેનો ચાર્જ ચુકવવો પડતો હતો.



ગાંધીનગર નજીક બનેલા એક બનાવમાં ચાર્જ લેવાના મામલે વિવાદ ઉભો થતા અને મુખ્યમંત્રીના ધ્યાન પર આ બાબત આવતા મુખ્યમંત્રીએ તમામ મ્યુનિસીપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓને રેસ્કયુ કર્યા નો ચાર્જ ન લેવા આદેશ કર્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના ફાયર વિભાગ દ્વારા કોર્પોરેશનની હદ બહાર બચાવ અને રાહત કામગીરી માટે રૂપીયા માંગવામાં આવતા ભારે વિવાદ થયો હતો. ગાંધીનગર તાલુકાના રાયપુર વિસ્તારમાં નર્મદા કેનાલમાંથી મૃતદેહ બહાર કાઢવાની ઘટના દરમિયાન ફાયર ઓફીસર દ્વારા પહેલા રૂપીયા પછી કામગીરી જેવી વાણી અપનાવવામાં આવતા મુદ્દો રાજકીય અને સામાજિક સ્તરે ઉગ્ર બન્યો હતો. મામલાને ગંભીરતા સાથે લઈ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હસ્તક્ષેપ કરીને રાજયભરની તમામ મહાનગરપાલિકાઓને આ પ્રકારના ચાર્જ વસુલવા લાગતા ઠરાવોને તાત્કાલીક રદ કરવાનો આદેશ આપ્યો છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા શહેરની હદ બહારના વિસ્તારમાં ફાયર કોલ, અકસ્માત કે કેનાલમાં મૃતદેહ તેમજ શોધખોળની કામગીરી માટે ચાર્જ વસુલવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ માં તત્કાલીન સ્ટેન્ડીંગ કમિટી દ્વારા ઠરાવ કરીને ચાર્જ નિયત કરવામાં આવ્યા હતા પરંતુ આ નાણાં વસુલવા માટે ફાયર બ્રિગેડ દ્વારા ઉધ્ધતઈ વર્તન કરાતા ભારે વિવાદ થયો હતો. રાયપુર કેનાલમાંથી મૃતદેહ કાઢવા માટે નાણાં માંગ્યા બાદ પરીવારજનોને આ ચાર્જ નો ખ્યાલ નહી હોવાથી આનાકાની કરાતા ફાયર બ્રિગેડના જવાનોએ કેનાલમાં ઉતરવાનો ઈન્કાર કર્યો હતો અને પરત જવાની તૈયારી કરતા પરીવારજનોએ આખરે ચાર્જ ચુકવ્યો હતો તે પછી મૃતદેહ કઢાયો હતો.

આ મામલે વિવાદ અને ફરીયાદ થયા બાદ ખુદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સુચના આપી હતી ત્યારબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હદ વિસ્તાર બહાર કેનાલમાંથી મૃતદેહ કાઢવા બદલ કે બચાવ કામગીરી બદલ વસુલાતો ચાર્જ નાબુદ કરવાનો નિર્ણય કર્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ ના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન ગૌરાંગ વ્યાસે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અગાઉના વરસોમાં શહેર વિસ્તારની બહારના કોલમાં ચાર્જ વસુલવાનો ઠરાવ કર્યો હતો. મુખ્યમંત્રી તરફથી દરેક વિસ્તારમાં કેનાલના કોલમાં ચાર્જ નહી વસુલવાના આદેશ કરવામાં આવતા હવે ગાંધીનગરમાં પણ આ પ્રકારના કિસ્સામાં ચાર્જ નહી વસુલાય , પરંતુ મૃત્યુના કિસ્સામાં માનવીય અભિગમ દાખવવો જરૂરી છે. ફાયરના જવાનો દ્વારા મૃતકના સગા સાથે ઉધ્ધતઈ વર્તન કરવામાં આવ્યુ હશે તો તેને ગંભીરતાથી લઈને સંબંધીત કર્મચારીઓ સામે પગલા લેવામાં આવશે.

# સાબરકાંઠા જિલ્લામાં પડતર કેસોના ત્વરીત નિકાલ માટે ૯૦ દિવસની મીડીયેશન ડ્રાઈવ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગઈ તા. ૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ થી નાલસા તથા એમસીપીસી દ્વારા મીડીયેશન ફોર ધ નેશન અન્વયે ૯૦ દિવસની મીડીયેશન ડ્રાઈવ (મધ્યસ્થીકરણ ઝુંબેશ) શરૂ કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાજયની તાલુકા કોર્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ તથા હાઈકોર્ટ ના પડતર કેસોમાં મધ્યસ્થીકરણ કરાવી સુખદ સમાધાન લાવવાના પ્રયત્નો કરવાના છે. જે અંતર્ગત લાગુ પડતા કેસોમાં વધુમાં વધુ સુખદ સમાધાન થાય તે હેતુથી નામદાર કોર્ટમાંથી કેસોને મીડીયેશનમાં રીફર કરવાના પ્રયત્ન કરવાના રહેશે. તમામ પક્ષકારોના કેસ જો સમાધાન લાયક કેસોમાં આવતા હોય જેવા કે લગ્ન જીવનની તકરારોને લગતા કેસો, અકસ્માત વળતરના કેસો, ઘરેલુ હિંસાના કેસો, ચેક બાઉન્સના કેસો, કોમર્શીયલ વિવાદના કેસો, સર્વિસ મેટર, સમાધાન લાયક ફોજદારી કેસો, ગ્રાહક તકરારના કેસો, પાર્ટીશનના દાવાઓ, જમીન સંપાદનના કેસો અને બીજા અન્ય સીવીલ દાવાઓ જેમાં સુખદ રીતે સમાધાન થાય અને કેસ સંપૂર્ણપણે પૂર્ણ થાય તે તમામ કેસો મધ્યસ્થીકરણમાં મુકાવવાના પ્રયત્નો કરવા નામદાર સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ બી આર ગવાઈ તથા માનનીય ન્યાયમુર્તિ સૂર્યકાંત, કારોબારી અધ્યક્ષ, નાલસાનાઓના માર્ગદર્શન હેઠળ આ કેસોનો ત્વરીત નિકાલ થાય તે હેતુથી આ અભિયાન યોજવામાં આવેલ છે. તેથી સમગ્ર જનતાને આ અભિયાનનો લાભ લેવા માટે તેમજ પોતાનો કેસ જે કોર્ટમાં પડતર હોય તે કોર્ટમાં મીડીયેશનને રીફર કરવા માટે અરજી કરી તે કેસોનો મધ્યસ્થીકરણથી નિકાલ લાવવાના પ્રયત્ન કરવા માટે સંપૂર્ણ સહકાર આપવા માટે વિનંતી છે. જેથી સમગ્ર જનતાને આ મધ્યસ્થીકરણ ઝુંબેશનો વધુમાં વધુ લાભ લેવા એમ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા જણાવાયુ છે.

### સૌથી વધુ જામકંડોરણા, ઈડર અને ધાનેરા તાલુકામાં ૫ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો

# રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન સાર્વત્રિક મેઘમહેર: ૩૩ જિલ્લાના ૧૯૯ તાલુકામાં વરસાદ વરસ્યો

રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન તમામ ૩૩ જિલ્લાઓના ૧૯૯ તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઈઝ, ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ રાજકોટના જામકંડોરણા, સાબરકાંઠાના ઈડર અને બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં ૫-૫ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે રાજકોટના ધોરાજી અને જામનગરના જોડિયા તાલુકામાં ૪-૪ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

વધુમાં, ગત ૨૪ કલાકમાં કચ્છના મુંદ્રા અને ગાંધીધામ, જામનગરના લાલપુર, રાજકોટના જેતપુર, સુરેન્દ્રનગરના વઢવાણ અને ચુડા તેમજ બનાસકાંઠાના વડગામ અને દાંતીવાડા તાલુકામાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત રાજ્યના ૨૧ તાલુકામાં બે ઈંચથી વધુ, ૩૨ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૧૩૩ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજે તા. ૦૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૩૯ ટકા જેટલો નોંધાયો છે. જ્યારે, સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધીમાં બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૩ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

- જીગર બારોટ

# હવે અમદાવાદ ના સીનીયર સીટીઝનો બીઆરટીએસમાં મફત મુસાફરી કરી શકશે : યુવાનોની એએમસીમાં કરાશે ભરતી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં વિકાસલક્ષી કામોમાં હવે વેગ પકડી રહ્યો છે. અમદાવાદ શહેરમાં સાબરમતી રીવરફ્રન્ટ પર વિવિધ વિકાસલક્ષી એએમસીના નિર્ણયોએ અમદાવાદવાસીઓને નવીનત્તમ ભેટ આપી છે. ત્યારે હવે અમદાવાદ વાસીઓ માટે ખુશીના સમાચાર એ છે કે અમદાવાદ વાસીઓ હવે બીઆરટીએસ માં સીનીયર સીટીઝન ફ્રી મુસાફરી કરી શકશે, તો બીજી તરફ અમદાવાદ ના યુવાનો માટે એએમસી નવી સ્ટાફની ભરતી કરશે. અમદાવાદ શહેરમાં પાણી, હવા અને જમીન સંબંધીત કામ માટે હવે એન્વારયમેન્ટ સેલની રચના કરવામાં આવી છે. તો બીજી તરફ



અમદાવાદના પીપળજ ખાતે ૨.૭૪ કરોડની અદ્યતન લેબ બનાવવામાં આવશે. અમદાવાદમાં બીઆરટીએસ બસ ના મુસાફરો માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સીનીટર સીટીઝનોની મફત મુસાફરીની વય મર્યાદામાં હવે ઘટાડો કરવામાં આવ્યો છે. ૭૫ વરસની વય મર્યાદા ઘટાડીને હવે ૬૫ વરસ કરવામાં આવી છે. જેથી હવે વધારે લોકો શહેરમાં મફત મુસાફરી કરી શકશે. આ અગાઉ ૭૫ વરસ બાદ મફત મુસાફરી બીઆરટીએસ બસમાં કરી શકાતી હતી જો કે હવે ૬૫ વરસ બાદ મફત મુસાફરી કરી શકાશે. અગાઉ દિવ્યાંગોને ૪૦ ટકા ખર્ચ થી પાસ મળતા હતા હવે આ પાસ તદ્દન ફ્રી આપવામાં આવશે. જો કે તમામ મુસાફરોએ દર વરસે પાસને રીન્યુ કરાવવાનો રહેશે. મહાનગરપાલિકા માં ભરતીની પ્રક્રિયા થોડા સમયમાં શરૂ કરવામાં આવશે. એએમસીમાં નવી સ્ટાફ ભરતી આશરે નવા ૨૫૦૦ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. એએમસીમાં વિવિધ વિભાગોમાં એન્જીનીયર, ગ્રેજયુટ, આઈટીઆઈ પાસ કરેલા લોકોની ભરતી કરવામાં આવશે. અત્રે જણાવી દઈએ કે હાલમાં એએમસીમાં ૨૪ હજાર કર્મચારીઓ હાલ કાર્યરત છે. તેના ૧૫ ટકા લેખે ૨૫૦૦ નવી ભરતી કરવામાં આવશે.

# વડોદરા કોર્પોરેશન સ્મશાનોનું સંચાલન આઉટસોર્સિંગ મારફતે કરાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં ૩૧ સ્મશાનો આવેલા છે. આ તમામ સ્મશાનોનું સંચાલન ખાનગી સંસ્થાઓને સોંપી આઉટસોર્સિંગ મારફતે કરવા કોર્પોરેશન જઈ રહી છે. જેનો વિપક્ષ કોંગ્રેસે વિરોધ કર્યો છે, અને આજે સાંજે આ મુદ્દે કોર્પોરેશનમાં આવેદનપત્ર પણ આપી રજૂઆત કરનાર છે. આ અંગે કોર્પોરેશનના વર્તુળો જણાવે છે કે ટૂંક સમયમાં આ ખાનગી સંસ્થાઓને વર્ક ઓર્ડર આપી દેવામાં આવશે. અગાઉ સ્ટેન્ડિંગ સમિતિમાં આ માટેની દરખાસ્ત મંજૂર થઈ ચૂકી છે.વડોદરા શહેરના ચાર ઝોનમાં ૩૧ સ્મશાનોનું સંચાલન ત્રણ સંસ્થાઓ કરનાર છે. જેમાં દક્ષિણ અને પશ્ચિમ ઝોન માટે એક જ સંસ્થા છે.

# GIDCના ઔદ્યોગીક વિસ્તારોમાં કેટલાક ઔદ્યોગિક એકમોમાં GPCBનું ઓચિંતુ ચેકીંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગર અને દરેડના ઔદ્યોગીક વિસ્તારોમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ ઔદ્યોગીક એકમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. છેલ્લા પખવાડિયા દરમિયાન કુલ સાત એકમો વિરૂધ્ધ કાર્યવાહી કરાઈ છે. જામનગર નજીક દરેડ સહિતના વિસ્તારોમાં પ્રદુષણ મુદ્દે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગર અને દરેડના ઔદ્યોગીક વિસ્તારોમાં ચાલતા કેટલાક ઔદ્યોગીક એકમો દ્વારા ગંદા કેમીકલ યુકત પાણી યોગ્ય રીતે શુધ્ધ કર્યા વિના સીધુ કેનાલ છોડતા પર્યાવરણ ઉપર અસર પહોંચે છે. જેને લઈ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ મામલે ત્રણ ઔદ્યોગીક એકમોમાં પ્રદુષણને લઈ કાર્યવાહી હાથ ધરાઈ હતી, અને આ અંગેનો વિગતવાર અહેવાલ ઉચ્ચકક્ષાએ મોકલવામાં આવ્યો છે.


## પશ્ચિમ રેલ્વે

### વિવિધ કાર્ય

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008 દ્વારા ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ નં. | ટેન્ડર સૂચના નંબર અને તારીખ | કાર્ય અને સ્થાન | આશરે કામની કિંમત | ઇએમડી |
|---|---|---|---|---|
| 1 | BCT/25-26/137 તા.01/07/2025 | વિરાર-જોરાવાસન વિભાગ: સિનિયર. ડેન/નોર્થના અધિકારક્ષેત્રમાં બે વર્ષ માટે ચીંથરા ઉપાડવાનું અને કાટમાળ, ઘાસ વગેરે દૂર કરવાનું. | ₹ 77,93,577.48 | ₹ 155900.00 |
| 2 | BCT/25-26/138 તા.01/07/2025 | મુંબઈ ડિવિઝનના વિરાર - સુરત વિભાગ પર બાકી રહેલા ગાબડાઓમાં મેટલ બીમ ક્રેશ બેરિયરની જોગવાઈ. | ₹ 21,94,99,747.06 | ₹ 1247500.00 |
| 3 | BCT/25-26/139 તા.01/07/2025 | વિરાર-જોરાવાસન વિભાગ: સિનિયર. ડેન/નોર્થ, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના અધિકારક્ષેત્ર હેઠળ મંજૂર ટ્રેક કામોના સંદર્ભમાં 60kg/60EI-R260 રેલ્સ અને 60kg 90UTS ઇન-સીટુ સિંગલ શોટ ક્રુસિબલ ફીટ સાથે વેલ્ડીંગનું અમલીકરણ અને 60kg/60EI-R260 અને 60kg 90UTS વેલ્ડીંગ ભાગનો પુરવઠો. | ₹ 3,01,19,233.55 | ₹ 300600.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: સબમિશનની તારીખ અને સમય: તા.29.07.2025 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય તા. 29.07.2025 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0352

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમ ને ફોલો કરો: x.com/WesternRly

## અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદશ્રી દિનેશભાઈ મકવાણાના શુભ હસ્તે "સમૃદ્ધ ગુજરાત" નામે યોજાયેલ પ્રદર્શનને વિધિવત ખુલ્લુ મુકવામાં આવ્યું હતું




અમદાવાદ શહેરમાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ તેમજ વિવિધ કાર્યક્રમોનુ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદશ્રી દિનેશભાઈ મકવાણાના શુભ હસ્તે આ "સમૃદ્ધ ગુજરાત" નામે યોજાયેલ પ્રદર્શનને વિધિવત ખુલ્લુ મુકવામાં આવ્યું હતું ,જે અમદાવાદ શહેરના મીઠાખળી સી જી રોડ નજીક આવેલા સરદાર પટેલ સેવા સમાજ સંકુલ યોજવામાં આવ્યું છે અને આ પ્રદર્શન ૩ જુલાઈ થી ૫ જુલાઈ દરમિયાન સવારના ૧૦ થી સાંજના પાંચ વાગ્યા સુધી , નાગરિકો માટે નિઃશુલ્ક ખુલ્લું રહેશે , આ ત્રિ-દિવસીય યોજાનારુ "સમૃદ્ધ ગુજરાત" પ્રદર્શનના ઉદ્ધાટન પ્રસંગે શહેર ભાજપના અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહ અને શ્રી અમીતભાઈ શાહ, ધારાસભ્યશ્રી, શ્રી અમૂલભાઈ ભટ્ટ-ધારાસભ્યશ્રી, શ્રી કૌશિકભાઈ જૈન, ધારાસભ્યશ્રી, શ્રીમતી દર્શનાબેન વાઘેલા- ધારાસભ્ય, શ્રી ભૂષણભાઈ ભટ્ટ- શહેર મહામંત્રીશ્રી, શ્રી ડો. હર્ષદભાઈ પટેલ, ધારાસભ્યશ્રી, પૂર્વ.ધારાસભ્ય જીતુભાઈ વાઘેલા, શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ- પક્ષનેતા, અ.મ્યુ.કો, શ્રીમતી શીતલબેન, દંડકશ્રી, અ.મ્યુ.કો. સહિતના કાઉન્સીલરશ્રીઓ, પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી, કાર્યકર્તાઓ અને સ્કુલ-કોલેજ ના બાળકો વિગેરે ૫૦૦૦ જેટલા સમુદ્ધ ગુજરાતના પ્રદર્શન ના ઉદઘાટન માં સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા . પ્રદર્શન નિહાળવા આજે પ્રથમ દિવસે શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે ઈસરો, એટોમિક એનર્જી, હેલ્થ મિશન, અને બાલાસિનોર ડાયનોસોર પાર્ક વગેરેના પ્રદર્શનનો નિહાળીને માહિતી મેળવી હતી આ પ્રદર્શનથી શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને નાગરિકોને કેન્દ્ર સરકારની વિવિધ પોલીસી અંતર્ગત ચાલી રહેલા કાર્યક્રમો અને યોજનાઓની સવિશેષ માહિતી મળશે તેમ અમદાવાદ પશ્ચિમના સાંસદ , દિનેશભાઈ મકવાણાએ માહિતી આપતા જણાવ્યું હતું.

## ગુજરાત સરકાર હાલમાં કપરા સંજોગોમાંથી પસાર થઈ રહી છે : હવે મંત્રી મંડળ વિસ્તરણ સિવાય છુટકો નથી : ધારાસભ્યો

### ધારાસભ્યોની ભલામણોને મંત્રીઓ ધ્યાને લેતા નથી તો કયાંક મંત્રીઓની ભલામણોને સચિવો ધ્યાને લેતા નથી અને ગાંઠતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં અગાઉ ની સરકારોમાં કયારેય અધવચ્ચે મંત્રી મંડળ વિસ્તરણ કરવાની નોબત આવતી ન હતી કારણ કે અગાઉની સરકારના મંત્રીઓ અધિકારીઓ પાસેથી કામ કેવી રીતે લેવુ તેની આવળત હતી અને સેવાના માધ્યમથી પ્રજાના કામો થતા હતા.



આજે પરીસ્થિતિ ઉલ્ટી થઈ ગઈ છે કેટલાક મંત્રીઓ સેવાના નામે વ્યવસાય કરી રહ્યા છે અને તે પણ અધિક અંગત મદદનીશ, સોશીયલ મીડીયા, ખાસ ફરજ પરના અધિકારી જેવા સુંવાળા નામ આપી માણસો રાખી મંત્રીઓ મલાઈદાર ફાઈલો કલીયર કરી રહ્યા છે અને તેમાં આ સુંવાળા નામ વાળા માણસો વહિવટની કામગીરી સંભાળતા હોય છે. અગાઉ ધારાસભ્ય હોય કે સામાન્ય મુલાકાતી મંત્રીને ભલામણ કરે તો સામેથી મંત્રીના કાર્યાલય થી ભલામણ કરવામાં આવી હોય તેવી જે તે ધારાસભ્ય કે અરજદારને જાણ કરવામાં આવતી હતી. હાલમાં આ બધી પધ્ધતી સરકારમાં બંધ કરી દેવામાં આવતા ધારાસભ્યો અને કાર્યકરો નારાજ થતા અંતે અધવચ્ચે મંત્રી મંડળ વિસ્તરણની નોબત આવતી હોય છે.

હાલના મંત્રીઓ ધારાસભ્યોની ભલામણો ધ્યાને લેતા નથી તો કેટલાક મંત્રીઓ ની ભલામણો ધ્યાને લેતા નથી. હવે રહી સરકારની વાત તો અગાઉ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ની સરકાર વખતે કેબિનેટ શરૂ થાય તે અગાઉ જે તે વિભાગના સચિવો અગાઉથી ગોઠવાઈ જતા હતા. હાલમાં મંત્રીઓએ વિભાગના સચિવોને ફોન કરી બોલાવવા પડે છે. તો કયારેક મીટીંગ હોય તો કેબિનેટ મંત્રીઓએ સચિવોના એક ફોન થી ધારાસભ્યો અને મુલાકાતીઓને ચેમ્બરમાં રઝળતા મુકી સચિવોની મીટીંગો એટેન કરવી પડતી હોય છે. તેનુ મુળ કારણ એ છે કે ભાજપમાં જુથવાદ, જાતિવાદ અને તેમાંય મંત્રીઓના કાર્યાલયે મલાઈદાર ફાઈલોના નિકાલમાં અગ્રતા આપવામાં આવતી હોય તો ધારાસભ્યો કે કાર્યકરોના કામો કયાંથી થવાના તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

## ભાજપના સાંસદ મનસુખ વસાવાએ કહ્યુ ગાંધીનગરવાળા પણ દુધના ધોયેલા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપના સાંસદ મનસુખ વસાવા હંમેશા પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં રહે છે તેઓ કયારેક અધિકારીઓને આડેહાથ લઈ લે છે તો કયારેક પોતાની પાર્ટીને કઠેડામાં ઉભા કરી દે છે. આ વખતે પણ કંઈક એવુ જ બન્યુ છે. આ વખતે મનસુખ વસાવાએ ભરૂચ મનરેગા કૌભાંડ પર કંઈક એવુ નિવેદન આપી દીધુ છે કે જેના કારણે ભાજપમાં રાજકીય ગરમાવો આવી ગયો છે.



ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ ભરૂચ મનરેગા કૌભાંડમાં ભાજપ, કોંગ્રેસ સહિતના વિવિધ પક્ષોના નેતાઓને અને અધિકારીઓ ને પણ હપ્તા મળ્યા હોવાનો દાવો કર્યો છે. આ દાવાઓએ રાજયના રાજકારણમાં ભુકંપ લાવી દીધો છે. મનસુખ વસાવાએ કહ્યુ કે કૌભાંડ કરનારી એજન્સીના કેટલાક લોકો તેમને મળવા આવ્યા હતા અને રાજપીપળા ગેસ્ટ હાઉસમાં થયેલી જાહેરમાં મીટીંગ દરમિયાન તેમણે એક લીસ્ટ બતાવ્યુ હતું. જેમાં કૌભાંડના ભાગરૂપે દરેક પાર્ટીના નેતાઓને ચુકવવામાં આવેલા રૂપીયાનો ઉલ્લેખ હતો. વિપક્ષના નેતાઓ જે આરોપ લગાવી રહ્યા છે તેમાંથી જ કેટલાક શાહુકાર બન્યા છે. વિપક્ષના નેતાઓએ પણ રૂપીયા લીધા છે, વસાવાએ સ્વર્ણિમ નામની એજન્સીનો પણ ઉલ્લેખ કરતા કહ્યુ કે આ સ્વર્ણિમ એજન્સી મનરેગા હેઠળ કામ કર્યા છે. આ એજન્સીના કામોની પણ વિસ્તૃત તપાસ થવી જોઈએ. મનસુખ વસાવાએ રાજય સરકારને અપીલ કરી છે કે મનરેગા યોજના હેઠળ થયેલા કામોની રાજયના દરેક જિલ્લાઓમાં સીઆઈડી ની ટીમ દ્વારા તપાસ કરાવવામાં આવે, આ માંગણીથી કૌભાંડનો વ્યાપ સમગ્ર ગુજરાતમાં વિસ્તરવાની સંભાવના છે.

વસાવાએ આ કૌભાંડને ગાંધીનગર લેવલનુ સેટીંગ ગણાવ્યુ, જે આ એજન્સીને કામ મળે ત્યાં સુધીનુ આયોજન હોવાનો દાવો કર્યો, તેમણે કહ્યુ કે ગાંધીનગરવાળા દુધના ધોયેલા નથી અને દીવા તળે અંધારૂ છે એ જોતા નથી, મનસુખ વસાવાના જણાવ્યા અનુસાર આ કૌભાંડમાં બધાને ટકાવારી મળી છે. જેમાં દરેક પાર્ટીના લોકો, મંત્રીઓ, સચિવો અને અધિકારીઓ સામેલ છે. વસાવાએ સ્વર્ણિમ એજન્સીની તપાસ ન થવા પર સવાલ ઉઠાવ્યો હતો અને માંગ કરી હતી કે માત્ર ભરૂચ કે નર્મદા જ નહી પરંતુ આખા ગુજરાતમાં મનરેગાના કામોની તપાસ થવી જોઈએ. જો કે બાદમાં તેમણે નિવેદન બદલી નાખ્યુ કે ગાંધીનગર કચેરી સુધીનું સેટીંગ હોય છે. જો કે આટલા મોટા દાવા કર્યા બાદ વસાવાએ હપ્તા મેળવનારાઓનું લીસ્ટ રજુ કરવાની જગ્યાએ માત્ર મૌખીક દાવાઓ કર્યા, તેમણે જણાવ્યુ કે આ બધી માહિતી એજન્સીના માણસો દ્વારા તેમને કહેવામાં આવી હતી. ત્યારબાદ વસાવાએ સફાઈ આપવાનો પ્રયાસ કરતા કહ્યુ કે આ બધુ એજન્સીએ કહ્યુ, એમાં તથ્ય કેટલુ છે એ તપાસનો વિષય છે.

તો આ નિવેદન બાદ ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા મનસુખ વસાવા પર પલટવાર કરવાનુ કયાં ચુકવાના હતા તેમણે કહ્યુ કે આ એ જ મનસુખ વસાવા છે જેમણે પહેલા મનરેગા કૌભાંડમાં એજન્સીઓનો બચાવ કર્યો હતો અને હવે તેમણે જ તેમની સરકારમાં ઉપર સુધી ચાલતા ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો છે. મનસુખ વસાવાને પોતાની જ સરકારનુ કૌભાંડ ઉજાગર કરવા બદલ અભિનંદન, અગાઉ આ એજન્સીનો બચાવ કરનાર વસાવાએ હવે બધી માહિતી જાહેર કરવી જોઈએ. આ એજન્સીના મોટા કૌભાંડો માટે આઉટસોર્સીંગ કે પંચાયતોની જગ્યાએ ઉચ્ચ અધિકારીઓ સામે કાર્યવાહી થવી જોઈએ. અમારી માંગ છે કે હાઈકોર્ટના રીટાયર્ડ ન્યાયાધીશની અધ્યક્ષતામાં સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસ થાય, નાના ગુન્હેગારો પર દાદાનુ બુલ્ડોઝર ફરે છે ત્યારે ગૃહમંત્રીની કોઈને ન છોડવાની નીતી અને ભ્રષ્ટાચાર મુકત શાસન સાબિત કરવાનો આ યોગ્ય સમય છે.

## આમ આદમી પાર્ટી ની ભાજપના સંગઠન પર નજર : આમ આદમી પાર્ટી અસંતુષ્ટ અને નારાજ કાર્યકરોને પક્ષપલ્ટો કરાવશે

### રાજકોટ ભાજપમાં ૨૭ વરસથી જોડાયેલા મહેશ રાઠોડે આપ્યુ રાજીનામું : આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી શકયતાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે આમ આદમી પાર્ટી દ્વારા વિજય સરઘસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે જેમાં યાત્રાના સમાપન એ ૧૦૦ જેટલા ભાજપ-કોંગ્રેસના કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાશે. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડના મતવિસ્તારના સોશીયલ મીડીયા ઈન્ચાર્જ વિવેક લીંબાસીયા પણ આમ આદમી પાર્ટીમાં જોડાશે. તેઓ ભાજપ સામે નારાજગી વ્યકત કરતા રાજીનામુ આપ્યુ છે. તેઓ આજે વિધીવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવુ તેમણે જણાવ્યુ છે. એડવોકેટ વિવેક લીંબાસીયા કે જેઓ ભાજપ સોશીયલ મીડીયા સેલના ઈન્ચાર્જ પદે રહી ચુકયા છે.



તેઓએ ૧૩ મુદ્દાઓ સાથે ભાજપમાંથી રાજીનામુ આપ્યુ છે તેમણે મીડીયા સાથે થયેલ વાતચીત મુજબ જણાવ્યુ હતુ કે ભાજપના સત્તાધીશો લોકશાહીને સાચવી શકયા નથી, પ્રેક્ષક ગેલેરી બંધ કરાવી છે. જેથી સામાન્ય લોકો જનરલ બોર્ડ ની કામગીરી જોઈ શકે નહી. આજી વસાહત માટે મનપાને ફાળવેલ ૧૭૦ કરોડ ડેવલપમેન્ટમાં વપરાયા નથી, પીપીપી કૌભાંડના નામે માનીતા કોર્પોરેટરને આવાસ ફાળવી ગેરરીતી આચરવામાં આવી છે. શ્યામાપ્રસાદ મુખર્જીની વિચારધારા મુજબ જયાં માનવી ત્યાં વિકાસનુ સુત્ર હતું પરંતુ રાજકોટમાં જયાં સત્તાધીશો વસવાટ કરે છે તેવા ઉત્તર-પશ્ચિમમાં જ વિકાસના કામો થયા છે. પરંતુ પૂર્વ અને દક્ષિણના વિસ્તારો વિકાસના કામોથી વંચિત છે. ઉપરાંત ઓફલાઈન આરટીઆઈ બંધ કરી ઓનલાઈન કરવા પણ માંગણી કરી છે. આજે વિવેક લીંબાસીયા સહિત ઉપલાકાંઠાના ૩૦ થી વધુ લોકો વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાશે. છેલ્લા ૨૭ વરસથી ભાજપ સાથે જોડાયેલ વોર્ડ નં. ૧૨ માં બક્ષીપંચ મોરચાના પ્રમુખ, વોર્ડ નં. ૧૨ ની મુખ્ય જનરલ બોર્ડીની ટીમમાં કોષાધ્યક્ષ, ભાજપ ઉપપ્રમુખ તરીકે ૨ ટર્મ, તેમજ વિધાનસભા ૨૦૨૨ ની ચુંટણીમાં બુથ અને પેજ કમિટીના વિધાનસભા ૭૧ ના ઈન્ચાર્જની જવાબદારી પણ સંભાળેલી છે. તેમજ શકિત કેન્દ્ર નં. ૩ માં ૨ ટર્મ ઈન્ચાર્જ તરીકે જવાબદારી સંભાળી છે. આવી અનેક જવાબદારી સંભાળી ચુકેલ મહેશભાઈ મનસુખભાઈ રાઠોડે ભાજપમાંથી રાજીનામુ આપી દીધુ છે. તેઓનુ કહેવુ છે કે તન-મન અને ધન થી ભાજપની સેવા કરેલ છે. પરંતુ મારી મહેનતના પ્રમાણમાં ભાજપ પક્ષે મારી નોંધ લીધેલ નથી. મેં ૨૦૨૧ માં કોર્પોરેટર તરીકે ટીકીટ ની માંગણી કરી હતી જેમાં મારી ભાજપ પક્ષ પ્રત્યેની નિષ્ઠા, ભાજપ પ્રત્યેની વફાદારી અને ભાજપ પક્ષ માટે ના મારા યોગદાનને નજરઅંદાજ કરીને મને ટીકીટ આપી ન હતી તેમજ સંગઠનમાં વોર્ડ નં. ૧૨ ના મહામંત્રી તરીકે ૩ વાર માંગણી કરી હતી. તેમાં પણ મને નજરઅંદાજ કરવામાં આવે તેમજ ૨૦૨૪ ના સંગઠનપર્વમાં પ્રમુખ તરીકેની જવાબદારી આપવા માટે ફોર્મ ભરેલ હતું જેમાં પણ ભાજપ પક્ષ માટેના મારા યોગદાનને નજરઅંદાજ કરી મારી જગ્યાએ બીજા કાર્યકરને વોર્ડ પ્રમુખની જવાબદારી આપીને મારૂ અપમાન કરવામાં આવ્યુ હતું. જેથી મે ભાજપમાંથી રાજીનામુ આપી દીધુ છે.


### ગૃહમંત્રી છેલ્લા એકાદ વરસથી મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા રોષ

## મંત્રીની ભલામણો ધ્યાને ન લેતા હોય તો ગૃહમંત્રી ધારાસભ્યોના કામો કયાંથી કરતા હશે ? પ્રજામાં ઉઠેલા સવાલો

પ્રતિનિધિ,ગાંધીનગર

ભુપેન્દ્ર પટેલની સરકારમાં જેમની પાસે ગૃહ, વાહન વ્યવહારનો હવાલો છે તેવા ગૃહમંત્રીની ફરીયાદો ઉઠી રહી છે. કહેવાય છે કે કામો થતા ન હવે કેબિનેટ કક્ષાના મંત્રીઓને પણ હવે ગૃહમંત્રીના અંગત સચિવ ને કહેવુ પડે છે કે ભાઈ હવે ભલામણો પર ધ્યાન આપો, ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓ હવે દુર નથી પ્રજાના કામો નહી થાય તો ધારાસભ્યો કયા મોઢે મત વિસ્તારમાં ચુંટણીઓ ટાંણે મત લેવા જશે,

ત્યારે પ્રજામાં હવે એ સવાલ ઉઠી રહ્યો છે કે ગૃહમંત્રી મંત્રી મંડળના મંત્રીઓના કામો નથી કરતા તો મત વિસ્તારના ધારાસભ્યોના કામો કેવી રીતે થતા હશે ? લોક મુખે ચર્ચાયેલ મુજબ ભુતકાળમાં કયારેય ગૃહમંત્રી નથી મળ્યા તેવા હાલમાં ગૃહમંત્રી મળ્યા છે. કે જેઓના અંગત સચિવ દ્વારા પણ ચીઠ્ઠી પ્રથા અપનાવવામાં આવી છે. જેનો સમગ્ર રાજયના ધારાસભ્યો અને અધિકારીઓમાં વિરોધ ઉઠી રહ્યો છે. પ્રોટોકોલ મુજબ મંત્રી ચીઠ્ઠીનો આગ્રહ રાખી શકતા હોય પરંતુ અહીંયા તો ગૃહમંત્રીના અંગત સચિવ ચીઠ્ઠી નો આગ્રહ રાખી રહ્યા છે. અધિકારીઓ હોય કે ધારાસભ્યો ગમે તે મુલાકાતે પ્યુન દ્વારા અંગત સચિવને ચીઠ્ઠી મોકલવામાં આવ્યા બાદ અંગત સચિવ દ્વારા મુલાકાત માટે લીલીઝંડી આપવામાં આવ્યા બાદ જ અંગત સચિવની મુલાકાત થઈ શકે છે.



અગાઉ પ્રોટોકોલ મુજબ રાજય કક્ષાના મંત્રીને કામ કરાવવુ હોય તો ખુદ કેબિનેટ કક્ષાના મંત્રીની ચેમ્બરમાં મળવા જતા હતા અને મતવિસ્તારના કામો કરાવતા હતા, હાલમાં ઉલ્ટી ગંગા ચાલી રહી છે, કેબિનેટ કક્ષાના મંત્રીઓને કામો કરાવવા માટે રાજય કક્ષાના મંત્રીને વારંવાર ફોન કરી કહેવુ પડે તે મંત્રી માટે અને સરકાર માટે શરમજનક કહેવાય,

## અમદાવાદના એકા કલબમાં સ્વિમિંગ પૂલની દિવાલ તૂટતાં દોડધામ મચી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં પ્લેન ક્રેશની ઘટનાને હજુ સુધી એક મહિનો પણ પુરો થયો નથી ત્યાં તો અમદાવાદના એકા કલબ ખાતે સ્વિમિંગ પુલની દિવાલમાં તિરાડ પડતાં અફરાતફરી મચી જવા પામી હતી. એકા કલબ ખાતે આયુષ ઈન્ડિયાનું એક્ઝિબિશન ચાલુ રહ્યું હતું. તે દરમિયાન છત પર આવેલા સ્વિમિંગની દિવાલ તૂટી પડતાં પાણી લીકેજ થવા લાગ્યું હતું. જેથી ઘટનાસ્થળે હાજર લોકોમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી ગઈ છે. ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલા એક્કા કલબ ખાતે ઓલ ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિએશન દ્વારા આયોજિત આયુષ ઈન્ડિયા પ્રદર્શનની પાંચમી એડિશન ચાલી રહી હતી, ત્યારે સ્વિમિંગ પૂલની દિવાલમાં તિરાડ પડી હતી. છત્તીસગઢના મંત્રી પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા તે દરમિયાન અચાનક દિવાલ તૂટવાનો અવાજ આવ્યો હતો અને ધડધડ પાણીનો પ્રવાહ વહેવા લાગ્યો હતો. એક્ઝિબિશન કાર્યક્રમમાં અચાનક બનેલી ઘટનાને કારણે લોકોએ નાસભાગ શરૂ કરી દીધી છે. થોડીવારના અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. છત ઉપર આવેલા સ્વિમિંગ પૂલની દિવાલ તૂટતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો અને એકા કલબની બહાર આવેલા શોરૂમના શટર બંધ કરી હતા. તો બીજી તરફ તાત્કાલિક સ્વિમિંગ પૂલનું પાણી ખાલી કરી નાખી પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. આ ઘટનામાં કેટલાક લોકોને સામાન્ય ઈજા પહોંચી છે પરંતુ સદનસીબે મોટી જાનહાનિ ટળી ગઈ છે.